ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

સંક્ષિપ્ત સમાચાર

જિલ્લા કક્ષાના ઇનોવેશન ફેસ્ટિવલમાં ગડોથ પ્રાથમિક શાળાના બે શિક્ષકોનું સન્માન

બોરેલી : રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 અંતર્ગત જિલ્લા કક્ષાના એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલનું આયોજન બહાદરપુર ખાતે કરવામાં આવ્યું હતું. વર્ષ 2025-26 દરમ્યાન બોડેલી તાલુકાના પાંધરા ગ્રુપની ગડોથ પ્રાથમિક શાળાના શિક્ષકો રાઠવા ઉદયસિંહ રતનસિંહ અને સોલંકી રાજેશભાઈ સુલતાનસિંહએ પોતાની શાળામાં અમલમાં મૂકેલા નવતર શૈક્ષણિક પ્રયોગો જિલ્લા કક્ષાએ રજૂ કર્યા હતા. જેમાં “મારી શાળાનો ખજાનો - શૈક્ષણિક પ્રાર્થના સંમેલન” તથા “હાજરી ચેમ્પિયન” જેવા અનોખા અને અસરકારક ઈનોવેશનનો સમાવેશ થાય છે.આ બંને નવતર પ્રયોગોને જિલ્લામાંથી ઉપસ્થિત રહેલા લગભગ 800 શિક્ષકોએ નિહાળ્યા હતા અને તેને પોતાની શાળામાં અમલમાં મૂકવાની પ્રેરણા મેળવી હતી. બંને શિક્ષકોને જિલ્લા કક્ષાએથી શીલ્ડ, પ્રમાણપત્ર, ડાયરી તેમજ શાબ્દિક સન્માન અપાયું હતું.

વિરોદ-૨ આંગણવાડી કેન્દ્રનું ‘આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ’ અંતર્ગત કાયાકલ્પ

વડોદરા : રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સમગ્ર ગુજરાતમાં “આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ” હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત વડોદરા ગ્રામ્ય ઘટક-૨ માં સમાવિષ્ટ વિરોદ-૨ આંગણવાડી કેન્દ્ર ખાતે નવીનીકરણની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. આ ઝુંબેશનો મુખ્ય હેતુ આંગણવાડી કેન્દ્રોને વધુ સ્વચ્છ, સુરક્ષિત અને બાળમૈત્રીપૂર્ણ બનાવવાનો છે. વિરોદ-૨ આંગણવાડી કેન્દ્રમાં અંદાજે રૂ. ૮,૫૦૦/- ના ખર્ચે આંગણવાડીનું રંગરોગાન (કલરકામ) તેમજ જરૂરી નાના-મોટા સમારકામની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ નવીનીકરણ દ્વારા બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે વધુ સુદ્રઢ માળખાકીય સુવિધાઓ અને પ્રોત્સાહક વાતાવરણ મળી રહેશે.

બોડેલી ખાતે મેરેથોન દોડનું આયોજન વાહનોના ડાયવર્ઝન અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ

છોટાઉદેપુર : બોડેલી ખાતે જિલ્લા વહીવટી તંત્ર છોટાઉદેપુર દ્વારા મેરેથોન દોડનું યોજાનાર હોઈ વડોદરાથી બોડેલી, જેતપુરપાવી, છોટાઉદેપુર તરફ આવતા નાના (હળવા) વાહનો ગોલાગામડી ચોકડી, બહાદરપુર, સંખેડા, માંકણી, મોડાસર થઈ બોડેલી ઓરસંગ બ્રિજ ઢોકલીયા થઈ જેતપુરપાવી-છોટાઉદેપુર તરફ જઈ શકશે. છોટાઉદેપુર થી ડભોઈ-વડોદરા તરફ જતા નાના (હળવા) વાહનો છોટાઉદેપુર, જેતપુરપાવી, બોડેલી ઢોકલીયા ત્રણ રસ્તા, ઓરસંગ બ્રિજ, મોડાસર ચોકડી, માંકણી, સંખેડા, બહાદરપુર, ગોલાગામડી ચોકડી થી ડભોઈ-વડોદરા તરફ જઈ શકશે. પાવી જેતપુર ગ્રામ પંચાયત પાસે હયાત સ્લેબ ડ્રેન પર ફુલ-૩૦ ટન સુધીના વાહનો પસાર થવા દેવા તેમજ ૩૦ ટન થી વધારે વજન વાળા વાહનો માટે છોટાઉદેપુર થી બોડેલી અને વડોદરા તરફ જતાં વાહનો છોટાઉદેપુર થી પાનવડ થઈ રંગલી ચોકડી, મોડાસર ચોકડી થઈ માંકણી, સંખેડા -બહાદરપુર ડ્રાયવર્ઝન થઈ, ગોલાગામડી ચોકડી થી ડભોઈ-વડોદરા તરફ જઈ શકશે. પાવી જેતપુર ગ્રામ પંચાયત પાસે હયાત સ્લેબ ડ્રેન પર ફુલ-૩૦ ટન સુધીના વાહનો પસાર થવા દેવા તેમજ ૩૦ ટન થી વધારે વજન વાળા વાહનો માટે વડોદરા થી છોટાઉદેપુર તરફ આવતા વાહનો ગોલાગામડી ચોકડી, બહાદરપુર ડ્રાયવર્ઝન થઈ સંખેડા માંકણી, મોડાસર થઈ રંગલી ચોકડી થઈ પાનવડ થઈ છોટાઉદેપુર તરફ જઈ શકશે. નસવાડી થી હાલોલ (પાવાગઢ) તરફ જતા નાના (હળવા) વાહનો મોડાસર, ઓરસંગ બ્રિજ, ઢોકલીયા ત્રણ રસ્તા, અલીપુરા ચોકડી થઈ હાલોલ (પાવાગઢ) તરફ જઈ શકાશે. નસવાડી થી હાલોલ (પાવાગઢ) તરફ જતા ભારદારી વાહનો મોડાસર ચોકડીથી રંગલી ચોકડી થઈ જેતપુરપાવી થી ડુંગરવાંટ બ્રિજની બાજુમાં બનાવેલ ડાયવર્ઝન થઈ મોટીબેજ થી વાંકી, ઉંચાપાણ થી જાંબુઘોડા થઈ હાલોલ (પાવાગઢ) તરફ જઈ શકાશે. આ ડાયવર્ઝન તા.૦૮/૦૨/૨૦૨૬ ના સવારના ૪:૦૦ વાગ્યાથી બપોરના ૧૨:૦૦ વાગ્યા સુધી રહેશે.

ત્રણ માસની સજાનો હુકમ કરાયો

સંખેડાના વેપારીને આપેલો ચેક રિટર્ન થતાં સુરતના શખસને સજા

(પ્રતિનિધિ) સંખેડા તા.6

સુરતના શખ્સે સંખેડાના વેપારીને આપેલા ચેક રીટર્ન થતા અલગ-અલગ બે કેસમાં કોર્ટે સુરતના મહેશભાઈ ઓડને સંખેડા કોર્ટે સજાનો હુકમ કર્યો છે. સંખેડા ગામના ગોપાલભાઈ ભીખાભાઈ પાદરીયા 8 કુબેર ઈલેક્ટ્રોનીક્સના પ્રોપરાઈટર છે. તેમની દુકાને અવાર-નવાર આવતા મુકેશભાઈ ઉર્ફ મહેશકુમાર એન. ઓડ રહે. ઓડ વિસ્તાર, સુરત આવતા હતા. જેથી મિત્રતા થઈ હતી. મુકેશભાઈ ઉર્ફ મહેશકુમાર ઓડે ગોપાલભાઈ પાસેથી નાણાની જરૂરિયાત ઉભી થતા ટુકડે-ટુકડે દેશે એમ જણાવેલ. વાયદાની ૧૭,૫૦૦૦ રૂપિયા લીધા હતા. જે ચાર-પાંચ મહિનામાં પરત કરી મુદ્દત પૂરી થયા બાદ અવાર-નવાર ઉઘરાણી કરતા ચાર-ચાર લાખ રૂપિયાના બે અલગ-અલગ ચેક લખી આપ્યા હતા.

આ બંને ચેક બેન્કમાં નાખતા રીટર્ન થયા હતા. ગોપાલભાઈ પાદારીયાએ પોતાના વકીલ સંજય પરમાર મારફતે સંખેડા કોર્ટમાં ફરિયાદ કરી હતી.

આ બાબતેનો કેસ સંખેડા કોર્ટમાં ચાલી જતા સંખેડા કોર્ટના ન્યાયાધીશ પંક્તિ પી. સોનીએ વકીલ સંજયભાઈ પરમારની દલીલો ગ્રાહ્ય રાખીને મુકેશભાઈ ઉર્ફ મહેશકુમાર ઓડને ત્રણ મહિનાની સાદી કેદની સજાનો હુકમ સંખેડા કોર્ટે કર્યો હતો.

છોટાઉદેપુર જિલ્લા ટ્રાફિક દ્વારા સ્પેશિયલ ડ્રાઇવ ચલાવી

જેતપુરપાવી-બોડેલી રોડ પર ભારદારી વાહનોને પગલે અકસ્માતને આમંત્રણ

બેફામ વાહન ચાલકો પર નિયંત્રણ લાવું જરૂરી બન્યું

(પ્રતિનિધિ) જેતપુરપાવી તા.6

જેતપુર પાવી-બોડેલી રોડ પર બેફામ દોડતા રેતી ભરેલા હાઈવા ટ્રકો કોઈ મોટો અકસ્માત નોતરે તો નવાઈ નહીં. આખો દિવસ રોડ પર ઊડતી ધૂળના કારણે બાઈક ચાલકો માટે વાહન ચલાવવું મુશ્કેલ બની ગયું છે. આંખોમાં ધૂળ, શ્વાસમાં તકલીફ અને જીવના જોખમે લોકો સફર કરવા મજબૂર બન્યા છે. રેતી ભરવાની લાઈનમાં હાઈવા ચાલકો નિયમોને તિજોરીમાં મૂકી બેફામ ઝડપે ટ્રકો હંકારી રહ્યા છે.

ઓવરસ્પીડ, સ્પીડ લિમિટનો ભંગ અને કોઈપણ પ્રકારની સલામતી વ્યવસ્થા વિના ટ્રાફિક ચાલી રહ્યો છે. ચોંકાવનારી બાબત એ છે કે આ ગંભીર સ્થિતિ સામે છોટાઉદેપુર જિલ્લા RTO સંપૂર્ણ મૌન છે. જો કોઈ મોટી દુર્ઘટના બને તો તેની જવાબદારી કોણ લેશે? શું તંત્ર કોઈ જાનહાનિની રાહ જોઈ રહ્યું છે? જો આ જ રીતે બેદરકારી ચાલુ રહેશે તો કોઈ મોટી જાનહાનિ થવાની શક્યતા નકારી શકાય તેમ નથી. સ્થાનિકોએ તાત્કાલિક રીતે હાઈવા ટ્રકો પર નિયંત્રણ, સ્પીડ ચેકિંગ, ઓવરસ્પીડ સામે કડક કાર્યવાહી અને રોડ પર નિયમિત પાણી છાંટવાની માંગ કરી છે.

વિવિધ કલ્યાણકારી યોજનાઓ પાછળ કરોડોનો ખર્ચ

જિલ્લામાં અનુસૂચિત જાતિના ઉત્કર્ષ માટે સરકારની નેમ

(પ્રતિનિધિ) વડોદરા તા.6

રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, વડોદરા દ્વારા જિલ્લાના છેવાડાના માનવી સુધી વિકાસના ફળ પહોંચાડવા માટે સક્રિય કામગીરી કરવામાં આવી રહી છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ છ માસિક ગાળા (એપ્રિલ-૨૦૨૫ થી સપ્ટેમ્બર-૨૦૨૫) દરમિયાન વડોદરા જિલ્લામાં વિવિધ શૈક્ષણિક અને સામાજિક કલ્યાણની યોજનાઓ હેઠળ નોંધપાત્ર લક્ષ્યાંકો હાંસલ કરવામાં આવ્યા છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ શિક્ષણમાં અગ્રેસર રહે તે માટે સરકારે પ્રાધાન્ય આપ્યું છે.

વડોદરા જિલ્લામાં ‘પ્રિ-એસએસસી શિષ્યવૃત્તિ’ અંતર્ગત ૨૨,૮૮૬ જેટલા વિદ્યાર્થીઓને લાભાન્વિત કરી રૂ. ૨૧૦.૧૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. તેવી જ રીતે, ‘પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ’ માં પણ રૂ. ૯૯૩.૦૫ લાખની ગ્રાન્ટનો સદુપયોગ કરીને વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્યને સુરક્ષિત કરવામાં આવ્યું છે. જિલ્લામાં કાર્યરત આદર્શ નિવાસી શાળાઓ અને સરકારી છાત્રાલયોમાં પણ વિદ્યાર્થીઓની સગવડતા માટે રૂ. ૧૩૮.૯૫ લાખનો ખર્ચ કરી સુવિધાઓ સુદ્રઢ કરવામાં આવી છે.

સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા યુવાનો માટે તાલીમ યોજના હેઠળ ફાળવેલ તમામ ગ્રાન્ટનો ઉપયોગ કરી ૧૮ ઉમેદવારોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું છે. આ ઉપરાંત, સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા ઈચ્છતા તબીબો અને વકીલો માટે પણ લોન સહાયની જોગવાઈ અમલી છે. દીકરીઓના લગ્ન પ્રસંગે મદદરૂપ થતી આ કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ રૂ. ૭.૪૪ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ લક્ષ્યાંક મુજબ રૂ. ૯૦ લાખની ગ્રાન્ટનો પૂરેપૂરો ઉપયોગ કરી સામાજિક સમરસતાના પ્રયાસોને બળ પૂરું પાડવામાં આવ્યું છે. નાગરિક એકમ અને અત્યાચાર સહાય અંતર્ગત ૬૯ લાભાર્થીઓને રૂ. ૩૯.૭૫ લાખની સહાય પૂરી પાડીને તેમને સામાજિક સુરક્ષાનું કવચ પૂરું પાડવામાં આવ્યું છે.

પરથમપુરા ગામની સીમમાંથી દીપડાનો મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) સાવલી તા.6

સાવલીના ભાદરવા પંથક માં પરથમ પુરા ગામની સીમમાં ખેતર ની વાડ સાથે મૃત હાલતમાં પડેલો દીપડો મળી આવ્યો છે જેના કારણે ભારે ચર્ચા જાગી હતી સમગ્ર ભાદરવા પંથક માં ઘણા સમયથી દિપડો હોવાની બૂમો ઉઠવા પામી હતી અને તેવામા મૃત હાલતમાં દિપડા ના મૃતદેહે કુતૂહલ સર્જાયું છે મૃત હાલતમાં મળેલ દીપડો અંદાજિત પાંચ વર્ષ નો હતો તેવું જાણવા મળી રહ્યુ છે અને તેના મૃત્યુ થી ખળભળાટ મચી જવા પામ્યો છે અને ભારે તર્ક વિતર્ક પેદા થયા છે હાલ અકબંધ દીપડા ના મોત નું કારણ અકબંધ છે અને ફોરેસ્ટ વિભાગે મૃત દીપડા નો કબજો મેળવી પોસમોર્ટમ ની કાર્યવાહી હાથ ધરી મોતનું ચોક્કસ કારણ શોધવા તજવીજ હાથ ધરી છે જ્યારે દીપડા ના મોત ના પગલે ભારે ચર્ચા એ જોર પકડ્યું છે

ભાણી ના લગ્ન પ્રસંગે ટ્રેક્ટર ભાડે લીધુ હતું

પાદરા-જંબુસર હાઈવે પર ટ્રકની ટક્કરથી એક જ પરિવારના ત્રણ ઘાયલ

(પ્રતિનિધિ) પાદરા તા.6

વડુ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા મહુવડ-નવાપુરા ઈન્ડિયન પેટ્રોલ પંપ સામે પાદરા-જંબુસર હાઈવે પર અકસ્માતની ઘટના સામે આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગણપતપુરા, ઓએનજીસી રોડ, પાદરાના દિલીપભાઈ જગદિશભાઈ પરમારે આ મામલે ફરીયાદ નોંધાવી છે. ફરીયાદ અનુસાર, સાંજના અરસામાં દિલીપભાઈના ભાઈ સુનીલભાઈ જગદિશભાઈ પરમાર (ઉ.વ. 34), તેમની પત્ની કૈલાશબેન (ઉ.વ. 30) અને પુત્ર નયન (ઉ.વ. 7) પોતાની ભાણી ના લગ્ન પ્રસંગે ભાડેથી લીધેલ ટ્રેક્ટર લઈને ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે ટ્રક ચાલક ભીમજીભાઈ આશાભાઈ રબારીએ ટ્રકને પુરઝડપે અને બેદરકારીપૂર્વક હંકારી ટ્રેક્ટરને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં સુનીલભાઈને માથામાં ગંભીર ઈજા તેમજ હાથ અને પગમાં સામાન્ય ઈજાઓ પહોંચી છે. કૈલાશબેનને માથા અને દાઢીમાં ગંભીર ઈજાઓ સાથે ડાબા હાથમાં ફ્રેક્ચર થયું છે, જ્યારે નયનને માથા અને કમરના ભાગે સામાન્ય ઈજાઓ પહોંચી છે. ત્રણેયને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. અકસ્માત બાદ ટ્રક ડ્રાઈવર પોતાની ટ્રક સાથે સ્થળ પર જ મળી આવ્યો હતો. આ બનાવ અંગે વડુ પોલીસે અકસ્માત ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

અશ્વિન નદી ઉપર નવીન બનનાર બ્રિજનું ખાતમુહર્ત કરાયું

પોથલીપુરા ગામે ધારાસભ્યનું ખભે બેસાડીને સન્માન કરાયું

(પ્રતિનિધિ) નસવાડી તા.6

નસવાડી તાલુકાના પોથલીપુરા ગામે નવીન બનનાર બ્રિજ નું ખાત મુહર્ત કરવા પોહચેલા ધારાસભ્ય અભેસિંહ તડવી ને ગ્રામજનો દ્વારા ઘોડા ઉપર બેસાડી નચાવ્યા હતા અને સ્વાગત નસવાડી તાલુકા ના પોથલીપુરા ગામે અશ્વિન નદી ઉપર રૂ ૮.૬૭ કરોડ ના ખર્ચે નવીન બનનાર બ્રિજ નું ખાત મુહર્ત કરવા માટે પોહચેલા સંખેડા વિધાનસભા ના ધારાસભ્ય અભેસિંહ તડવી ને ગ્રામજનો દ્વારા ઘોડા ઉપર બેસાડી સ્વાગત કરવામાં આવ્યું હતું અને એક કિલોમીટર સુધી નચાવ્યા હતા. જ્યારે આઝાદી ના વર્ષો વીતે ગામ મા બ્રિજ ની સુવિધા નો અભાવ હોય

વિસ્તાર ના લોકો હેરાન બન્યા હતા. જ્યારે પોથલીપુરા ગામ ની વસ્તી 150 હોવા છતાંય ગામ બે ભાગ મા વહેચાયેલું હોય પુલ ન બનવાના કારણે વર્ષો થી શાળા ના વિદ્યાર્થી ઓ અને આંગણવાડી બાળકો તેમજ ગ્રામજનો વર્ષો થી હાલાકી ભોગવતાં હતા.ઉચ્ચ કક્ષા એ પુલ બનાવવા સતત રજુઆત કરાઈ હતી. ત્યારે હવે નવા બ્રિજ નું ખાતમુહૂર્ત થતા ગ્રામજનો માં ખુશી વ્યાપી છે જ્યારે નસવાડી તાલુકા અને સંખેડા તાલુકા આમ બન્ને તાલુકાના લોકો ને હવે આ પુલ બનશે એટલે તેનાથી લાભ થશે

શક્તિ કૃપા ચેરીટેબલ ટ્રસ્ટ સંસ્થા દ્વારા ઉપલબ્ધ કરાયું

મોટા ફોફળિયાની હોસ્પિટલમાં સી-આર્મ મશીન દાન અપાયું

(પ્રતિનિધિ) શિનોર તા.6

શિનોર તાલુકાના મોટા ફોફળિયા ખાતે આવેલ શક્તિ કૃપા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી છોટુભાઈ એ. પટેલ હોસ્પિટલ અને સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે તબીબી સેવાઓ તથા આધુનિક માળખાકીય સુવિધાઓના સતત વિસ્તરણના ભાગરૂપે વધુ એક મહત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે. હોસ્પિટલના મોડ્યુલર ઓપરેશન થિયેટરમાં આધુનિક સી-આર્મ મશીન શક્તિ કૃપા ચેરીટેબલ ટ્રસ્ટ સંસ્થા દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે, જેના પરિણામે હવે અહીં વધુ ગુણવત્તાસભર અને સુસજ્જ સર્જરી સેવાઓ શક્ય બની છે. આ આધુનિક સુવિધા અને નિષ્ણાત તબીબોની સેવાઓના સહયોગથી છેલ્લા બે દિવસ દરમિયાન હોસ્પિટલ ખાતે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી ક્ષેત્રે નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરવામાં આવી છે.

નિષ્ણાત ઓર્થોપેડિક સર્જન તથા હોસ્પિટલના કુશળ પેરા-મેડિકલ સ્ટાફની ટીમ દ્વારા ટોટલ હિપ રિપ્લેસમેન્ટ તથા ટોટલ ની રિપ્લેસમેન્ટ જેવી જટિલ સર્જરીઓ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. મહત્વની બાબત એ છે કે આ બંને સર્જરીઓ આયુષ્માન ભારત

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY) અંતર્ગત સંપૂર્ણ વિનામૂલ્યે કરવામાં આવી છે.

ગ્રામ્ય વિસ્તારના દર્દીઓને ઉચ્ચ કક્ષાની આરોગ્ય સેવાઓ તેમના જ વિસ્તારમાં ઉપલબ્ધ થાય તે ઉદ્દેશ સાથે આ હોસ્પિટલમાં સતત સુવિધાઓનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. આધુનિક ઓપરેશન થિયેટર, જરૂરી મેડિકલ સાધનો, નિષ્ણાત તબીબોની હાજરી અને સરકારની આરોગ્ય યોજનાઓનો લાભ આ તમામના સંયોજનથી આજે મોટા ફોફળિયાની આ હોસ્પિટલ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ સમકક્ષ સેવાઓ પૂરી પાડતી બની છે. આ પહેલના કારણે હવે શિનોર પંથકના ગ્રામ્યજનોને જોઈન્ટ રિપ્લેસમેન્ટ જેવી ખર્ચાળ અને વિશિષ્ટ સારવાર માટે વડોદરા કે અન્ય મોટા શહેરોમાં જવાની જરૂરિયાત ઘટી છે. સમય, ખર્ચ અને માનસિક તણાવથી રાહત મળી રહી છે,

જેના લીધે આ સામુહિક આરોગ્ય કેન્દ્ર શિનોર તાલુકાના ગ્રામ્યજનો માટે સાચા અર્થમાં આશિર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. શક્તિ કૃપા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભવિષ્યમાં પણ વધુ આધુનિક તબીબી સેવાઓ અને સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની દિશામાં સતત પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે, જેથી ગ્રામ્ય આરોગ્ય સેવાઓને વધુ મજબૂત અને સર્વસુલભ બનાવી શકાશે.

શિનોર તાલુકાના મીંઢોળ ગામે ફોર્મ-07માં ગેરરીતિની ફરિયાદ

શિનોર : શિનોરના મીંઢોળ ગામમાં મતદાર યાદી સુધારણા (SIR) પ્રક્રિયા દરમિયાન ગંભીર ગેરરીતિ સામે આવી છે. સમગ્ર ભારત અને ગુજરાતમાં ચાલી રહેલી SIR પ્રક્રિયા અંતર્ગત મૃત્યુ પામેલા અથવા અન્યત્ર સ્થાયી થયેલા મતદારોના નામ દૂર કરવા માટે ફોર્મ નં. 07 ભરવાનું હોય છે, પરંતુ મીંઢોળ ગામમાં સુનિલભાઈ ચંદુભાઈ પટેલને અરજદાર દર્શાવી અન્ય કોઈ અજાણ વ્યક્તિ દ્વારા અંદાજે 39 જેટલા ફોર્મ નં. 07 ભરવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે. આ બાબતની જાણ થતાં કરજણ તાલુકા કોંગ્રેસ પ્રમુખ શ્રી પિન્ટુ પટેલ દ્વારા સુનિલ પટેલને સાથે લઈ કરજણ પ્રાંત અધિકારી સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી હતી. પિન્ટુ પટેલે રજૂઆતમાં જણાવ્યું હતું કે, જે વ્યક્તિએ અરજદાર બની ફોર્મ-07 ભર્યા છે તેની ઓળખ માટે સંબંધિત કચેરીના CCTV ફૂટેજ તપાસવામાં આવે. તેમજ અરજદાર તરીકે ખોટી રીતે ફોર્મ ભરનાર વ્યક્તિ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માંગણી કરવામાં આવી હતી. આ ઘટનાથી મતદાર યાદીની પારદર્શિતા અને વિશ્વસનીયતા પર સવાલો ઊભા થયા છે. પ્રાંત અધિકારી દ્વારા સમગ્ર મામલે તપાસના આશ્વાસન આપવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે..

SMCની રેડ બાદ કાર્યવાહી કરાઇ

વાઘોડિયા પોલીસ મથકના બે કોન્સ્ટેબલની જિલ્લા બહાર બદલી

(પ્રતિનિધિ) વાઘોડિયા તા.6

વાઘોડિયામાં ગત મહિને સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા પાડવામાં આવેલા ભવ્ય દરોડા બાદ પોલીસ તંત્રમાં મોટું ભૂકંપ સર્જાયું છે. વિદેશી દારૂના કૌભાંડમાં ગંભીર બેદરકારી અને સંભવિત સાઠગાંઠના આક્ષેપો વચ્ચે વાઘોડિયા પોલીસ મથકના પૂર્વ PI પૃથ્વીરાજસિંહ જાડેજાને ડીજીના આદેશથી તાજેતરમાં સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, જ્યારે આ પ્રકરણ સાથે જોડાયેલા બે પોલીસ કોન્સ્ટેબલની જિલ્લા બહાર બદલી કરવામાં આવી છે.

SMCએ વાઘોડિયા ટાઉનમાં બસ સ્ટેન્ડ પાછળ દરોડો પાડી રૂ.17.72 લાખનો વિદેશી દારૂ, 12 મોબાઈલ ફોન, દારૂ કટીંગ માટે વપરાતી 10 વૈભવી કારો તથા રોકડ સહિત કુલ રૂ.41.92 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કાર્યવાહીમાં 9 આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

નિયમ મુજબ રૂ.10 લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપાય ત્યારે સંબંધિત પોલીસ મથકના PIને લીવ રિઝર્વમાં મૂકવાનો નિયમ હોવા છતાં, PI જાડેજાને લીવ રિઝર્વમાં મુકવાના બદલે શિનોર પોલીસ મથકમાં બદલી કરાતા પોલીસ બેડમાં ભારે ચર્ચા ઉઠી હતી.

તપાસ દરમિયાન SMCને

વાઘોડિયા પોલીસ મથકના બે પોલીસ કર્મચારીઓના બુટલેગરો સાથેના ફોન કોલ, વોટ્સએપ ચેટ અને કોલ ડીટેલ્સ મળ્યા હતા. ઉપરાંત, એક ડાયરીમાંથી વિદેશી દારૂની પેટીઓ ક્યારે, કેટલી અને કોને વહેંચાઈ તેની ચોંકાવનારી નોંધો મળી આવતાં આશરે 500 પાનાની ફરિયાદ તૈયાર કરવામાં આવી હતી.

આ સમગ્ર મામલે ડીજી ઓફિસ એકશનમાં આવી હતી અને અંતે PI પૃથ્વીરાજસિંહ જાડેજાને સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામાં આવ્યો. સાથે જ, બુટલેગરો સાથે સંપર્કમાં હોવાનું સામે આવતા કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહ ઉર્ફે જીતુભાઈની ભરૂચ અને પ્રદીપસિંહ વાઘેલાની અમદાવાદ સિટીમાં બદલી કરવામાં આવી છે.

બહુચર્ચિત SMC રેડ બાદ લેવાયેલા આ કડક પગલાંઓથી પોલીસ બેડમાં ભારે ચકચાર મચી છે, જ્યારે બીજી તરફ PI જાડેજા અને બંને કોન્સ્ટેબલો સામે ખાતાકીય તપાસ પણ શરૂ કરવામાં આવી છે.